# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

પ્રેસ નોંધ

14433

**તારીખ: 8/9/2021**

## વિષય: ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની બિઝનેસ વિમેન વિંગ કમિટીની " ઉદ્યમી " બૂક નું વિમોચન

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની બિઝનેસ વિમેન વિંગ કમિટીએ ગુજરાતની સફળ મહિલા ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટઅપ્સ અને ગ્રાસરૂટની ઉદ્યમીઓની માહિતી આપતા પુસ્તક "ઉદ્યમી"- તૈયાર કરી છે. જેનું વિમોચન ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસના માનનીય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેના હસ્તે તા. 7 સપ્ટેમ્બર ના રોજ ચેમ્બર ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ચેમ્બરના પ્રમુખ શ્રી નટુભાઈ પટેલ એ કોરોના મહામારીના કપરા સમયમાં પણ બિઝનેસ વિમેન વિંગ કમિટીએ કરેલ અનેકવિધ પ્રવૃત્તિઓ માટે અભિનંદન આપ્યા હતા અને ગુજરાતના મહિલા ઉદ્યોગકારોનો વ્યાપાર-ઉદ્યોગ પરત્વેના ગુજરાતના આ વિક્રમજનક યોગદાનમાં મહત્વપૂર્ણ ફાળો રહેલ છે એમ જણાવ્યું હતું.

બિઝનેસ વિમેન વિંગ કમિટિના ચેરપર્સન શ્રીમતી શિલ્પાબેન ભટ્ટએ પોતાના વ્યકત્વ્યમાં વિમેન વિંગ કમિટિએ વર્ષ દરમ્યાન કરલ પ્રવુત્તિઓ અંગે જણાવ્યું હતું અને આ બૂક બનાવવા પાછળનો એમનો હેતુ જણાવ્યો હતો.

i -Hub ના સીઈઓ શ્રી હિરણ્મય મહંતાએ સ્ટાર્ટઅપ અને મહિલા સાહસિકોને ચેમ્બર તરફથી મળી રહેલ સપોર્ટ માટે આભાર માન્યો હતો અને i -Hub અને સરકાર તરફથી મળતા વિવિધ લાભો અંગે માહિતી આપી હતી.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રીમતી હેમલ મહેતા, પી .મેટ હાઈ ટેક કંપની પ્રાઇવેટ લિમિટેડના ડાયરેક્ટર હાજર રહ્યા હતા તેમણે પોતાના અનુભવો અંગે વાત કરી હતી અને મહિલાઓને આત્મવિશ્વાસથી આગળ વધવા જણાવ્યું હતું.

માનનીયમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ પુસ્તક વિમોચનની શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે મહિલાઓમાં રહેલ આંતરિક શક્તિથી તેઓ દરેક સંઘર્ષનો સામનો કરીને સફળ થાય છે. તેમને મહિલાઓને સશક્ત કરવા સરકારશ્રી દ્વારા મહિલાઓ માટે ચાલતી વિવિધ યોજનાઓ અંગે માહિતી આપી હતી અને મહિલાઓને કોઈ પણ સહાયની જરૂરિયાત પુરી પાડવા માટે તેઓ તત્પર છે એની ખાતરી આપી હતી.

આ કાર્યક્રમમાં ચેમ્બરના હોદેદ્દારો અને સભ્યો ,બિઝનેસ વીમેન વિંગના પૂર્વ ચેરપર્સનો, કમિટીના સભ્યો,મહિલા ઉદ્યોગ સાહસિકો અને તેમના પરિવારજનો હાજર રહ્યા હતા.

અંતમાં વિમેન વિંગ કમિટીના કો-ચેરપર્સન શ્રીમતી કુસુમ કૌલ વ્યાસએ એ આભારવિધિ કરી ને કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

---

તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર
ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
સેક્રેટરી જનરલ

# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
# PRESS NOTE

**Date: 8/9/2021**

**Sub: GCCI BWWC " उद्यमी " Book Launch**

The Business Women Wing Committee of the Gujarat Chamber of Commerce and Industry has prepared a book " **उद्यमी** " - providing information on successful women entrepreneurs, startups and grassroot entrepreneurs in Gujarat. Hon'ble Minister of State for Women & Child Welfare Smt. Vibhavariben Dave unveiled the book on 7th September at GCCI.

The President of the Chamber, Shri Natubhai Patel, congratulated the Business Women Wing Committee for its various activities during the difficult times of the Corona pandemic and said that Gujarat's women entrepreneurs have made a significant contribution to Gujarat's business.

Smt. Shilpaben Bhatt, Chairperson, Business Women Wing Committee spoke regarding the activities of the Women's Wing Committee during the year and the purpose behind making this book.

Mr. Hiranmay Mahanta, CEO of i-Hub, thanked GCCI for supporting to the startups and women entrepreneurs and informed them about the various benefits provided from i-Hub and the government.

Mrs. Hemal Mehta, Director, P.Mate High Tech Company Pvt. Ltd. was present as a guest of honour at the event. She spoke about her experiences and asked women to move forward with confidence.

Hon'ble Minister Mrs. Vibhavariben Dave while congratulating for the book release, said that with the inner strength in women, they succeed in facing every struggle. She informed about various schemes run by the Government for women to empower them. She assured to provide any assistance to women in their need.

The event was attended by office bearers and members of the chamber, former chairpersons of the Business Women Wing, members of the committee, women entrepreneurs and their families.

The program was concluded with a Vote of Thanks by Kusum Kaul Vyas, Co-Chairperson, Women Wing Committee.

---

**To,**

**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendrakumar Trivedi**
**Secretary General**